# રેડિયન્ટ સ્કૂલમાં સેવક સન્માન કાર્યક્રમ





સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં તાજેતરમાં એક સરાહનીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળા મૅનેજમેન્ટ દ્વારા સંસ્થામાં ફરજ બજાવતા તમામ સેવક ભાઈ-બહેનોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. શાળા વ્યવસ્થાપનને અસરકારક અને સરળ બનાવનાર સેવક ભાઈ-બહેનોની કામગીરી પણ આવશ્યક અને અગત્યની છે એ બાબત સ્વીકારી શાળા દ્વારા નાના-મોટા, ગરીબ-તવંગરનો ભેદભાવ રાખ્યા વિના દરેક કર્મચારીની કામગીરીને બિરદાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાની વયના વિદ્યાર્થીઓના હસ્તે સેવક ભાઈ-બહેનોને સંસ્થા તરફથી ઘરવપરાશમાં ઉપયોગી એવી સોગાતો અર્પણ કરવામાં આવી હતી અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કામ એ કામ હોય છે અને તે નાનું કે મોટું નથી હોતું એ શીખ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમના માધ્યમથી આપવામાં આવી હતી.



ઍસજી-ઍસવી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. બાળકોને વૃક્ષનું મહત્ત્વ સમજાય અને તેઓ નાનપણથી જ વૃક્ષો પ્રત્યે હકારાત્મક વલણ ધરાવતા થાય તે હેતુસર ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓએ શાળાના કૅમ્પસમાં વૃક્ષો વાવ્યાં અને ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ શાળા વિસ્તારની આસપાસ વૃક્ષો વાવ્યાં હતાં. ઉપરાંત આસપાસનાં ઘરોમાં, બૅન્ક, પોસ્ટ ઑફિસમાં અલગ અલગ છોડનું વિતરણ કર્યું હતું.

## ડાયરેક્ટ સે

જે છત્રીમાં
આપણે સાથે ચાલ્યા હતા
એ હવે મારાથી ખૂલતી નથી
એ બે ખભાનો
પાસવર્ડ માગે છે

## જન્મદિને વધામણી



સી ડી ધનેશ્વર
ફોન : ૨૩૨૨૫૩૫૭



પ્રકાશસિંહ
દશરથસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩



હિનાબેન
અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૫૯૧૬૩



ઋષાંત વિશાલ રાજદીપ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ઍસઍસઆઈટી ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૯

શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર દ્વારા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ભાગરૂપે સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ દિવસો દરમિયાન મૅમરી ગેમ, ટૅકનીકલ ક્વિઝ, વર્ડ પાવર તેમજ સામાજિક અને રાષ્ટ્રીય ભાવના, વ્યક્તિગત વિકાસ, આધુનિક ટૅકનોલૉજીના ફાયદા-ગેરફાયદા, સમયનો સદુપયોગ જેવા વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતે, વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા આંકડાકીય વિશ્લેષણ તાલીમ કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૯

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા બે દિવસીય તાલીમ કાર્યક્રમ "Data Analysis Using R Programming" કાર્યક્રમ ઈન્ફોર્મેશન એન્ડ લાઈબ્રેરી નેટવર્ક સેન્ટર (ઈન્ફ્લીબનેટ), ગાંધીનગર ખાતે તા.૧૬-૧૭ જુલાઈ, ૨૦૧૮ દરમ્યાન યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન કામધેનુ યુનિવર્સિટીનાં માન. કુલપતિશ્રી ડૉ. પી. એચ. વાટલીયાએ કર્યું હતું. તેઓએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે રાજ્યની કૃષિ યુનીવર્સીટીઓ અને કામધેનુ યુનિવર્સિટીમાં જોડાયેલ નવા મદદનીશ પ્રાધ્યાપકો અને વેટનરી ઓફિસરોને સંશોધનમાં ઉપયોગી આંકડાનું વિશ્લેષણ કરી પરિણામલક્ષી તારણ તરફ જવા માટે આ તાલીમ ખુબજ ઉપયોગી નીવડશે.

આ તાલીમ કાર્યક્રમમાં નિયામકશ્રી, ઈન્ફ્લીબનેટ સેન્ટર, ગાંધીનગર, ડૉ. જગદીશ અરોરા એ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી આ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય માર્ગદર્શક તરીકે ડૉ. જીવા જોસ, સહપ્રાધ્યાપક, બીપીસી મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કેરાલા ખાસ હાજર રહ્યા હતા. ડૉ. ડી. બી. પાટીલ, સંશોધન નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ તથા અન્ય સંસ્થાઓમાંથી ૪૦ જેટલા વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં થતા પશુપાલન, પશુચિકિત્સા, કૃષિ, મત્સ્યપાલન અને ડેરી વિજ્ઞાન વિષયોમાં થતા વૈજ્ઞાનિક સંશોધનોની માહિતીનું આંકડાકીય વિશ્લેષણ " R Programming" સોફ્ટવેર દ્વારા કરવા માટેની પદ્ધતિ અંગે કુશળતા ઉપલબ્ધ કરવાનો હતો. કાર્યક્રમના અંતમાં ડૉ. વિશાલ સુથાર, મદદનીશ પ્રાધ્યાપક અને કો-ઓર્ડીનેટરે આભાર દર્શન કર્યું હતું.

# રાષ્ટ્રીય ઐક્ય પ્રતિદિન શા માટે તૂટી રહ્યું છે ?



ભારતનાં વિવિધ રાજ્યોમાં સવાલોનું વૈવિધ્ય એટલું તો વ્યાપક થતું જાય છે કે ઘણીવાર એવો વિચાર પણ મનમાં આવે છે કે શું આ પ્રકારની આઝાદી અને લોકશાહી માટે આપણા જ લોકોએ પોતાના પ્રાણની આહૂતિ આપી હતી? ભારતની વિવિધતા એ આપણા સૌની શાન અને ગર્વની બાબત હોવા છતાં હવે આ વિવિધતા ત્રિવિધ તાપથી લોકોને બાળી રહી છે. સંસ્કાર અને સદાચાર વારસામાં ઉતરવાની જે સહજ પ્રક્રિયા હતી તે સદંતર સમયના પરિવર્તનમાં લુપ્ત થઈ ગઈ છે. દેશભક્તિ સહજ રીતે પેઢી દર પેઢી જળવાય તે જોવાની ફરજ પ્રત્યેક નાગરિકની હોય છે. દેશ મારો અને હું આ દેશનો છું એ ભાવના લોહીમાં દોડતી રહેવી જોઈએ પરંતુ અન્ય કારણો અને હિતો પ્રતિદિન એટલાં બળવત્તર થતાં જાય છે કે માણસ હવે પૂર્ણતઃ સ્વયંમાં સંકોચાઈ ગયો છે. દેશની ઉપલબ્ધ સેવા, સુવિધા, સહવાસ અને ભૂમિના કારણે દરેકનાં પોતીકાં સ્વપ્નો હકીકતમાં બદલાતાં હોય છે. સરકારો તો આવે અને જાય પણ તેના લીધે સમાજના ટૂકડા થયા કરે કે વૈચારિક જૂથોમાં ઘર્ષણ પ્રવેશી જાય તો એ અંતે સામુહિક આપઘાત જેવું પરિણામ આપે છે.





વિચાર અને અમલીકરણમાં હંમેશાં એકરૂપતા જ હોય એ આદર્શ તરીકે સારૂં હોવા છતાં એ મુજબ વાસ્તવમાં ના પણ હોય એટલે જ્ઞાતિ-જાતિનાં ધોરણે સમાજના ભાગલા પાડવા લાગો તો શું ભારત વિકસિત થઈ રહ્યું છે તેમ આપણે કહી શકીશું ? હરગીઝ નહીં. સમાજ એટલે કોઈ એક જ્ઞાતિ કે જાતિની વાત નથી, એ દેશની વાત છે.

ભારત જે આપણું વતન અને માતૃભૂમિ છે તેના દિલ ઉપર સંવેદનાના ઘાવ લાગી રહ્યા છે અને સમાજનાં કુલ સુખ-શાંતિના સરવાળાના ભૂસી નાખવાની જે ચેષ્ટાઓ થઈ રહી છે તે અતિ દુઃખદ જણાય છે. અનામતની વાત હોય કે લાઉડસ્પીકર મસ્જિદ ઉપર વાગે તેની ચર્ચા હોય કે શાળાની ફી વૃધ્ધિની ઘટના હોય એવી દરેક બાબતનો શાંતિપૂર્ણ ઉકેલ શક્ય હોય છે તેના માટે ભૂમિકા રચવાના સ્થાને ગંદા રાજકારણની બયાનબાજી શરૂ થઈ જાય અને મૂળ પ્રશ્ન રઝળી પડે એ રીતે તૂટેલા અરિસા જેવી દશા રાષ્ટ્રની થાય છે. કોઈ મહાન નથી પણ રાષ્ટ્ર મહાન અવશ્ય છે, જે આપણને સુખ-શાંતિની ખાતરી આપી શકે છે. મીડિયા અને સોશિયલ મીડિયાનો યોગ્ય ઉપયોગ પણ થતો નથી. મીડિયા આધારિત વાતોથી ચરૂ ઉકળતો થાય તો એ કોઈ ઉમદા જીવનશૈલી પણ નથી. ભણેલા લોકોની અપ્રમાણિકતાએ દેશનો યુદ્ધ કરતાં વધુ હાનિ પહોંચાડી છે એ કડવી હકીકત છે. આપણું સૈન્ય ખરી રાષ્ટ્રસેવા દિલથી કરી રહ્યું છે, તેને ઊંચી સલામ! ઈન્ટરનેટના આગમન બાદ વિશ્વ વધુ પીડિત થયું છે કારણ કે લોકો ગતિવાન, શીલવાન, ઉમદા થતા અટકી રહ્યા છે અને એકંદર ચારિત્ર્ય ઘવાઈ રહ્યું છે.

ભારતમાં ભાષાવાદ, પ્રાંતાવાદ, જાતિવાદ વગેરેમાં જે ગિરાવટ આવી રહી છે તે અતિ ચિંતાકારક છે. આર્થિક અપરાધીકરણે માઝા મૂકી છે પછી પ્રશ્ન થાય કે દેશ માટે શું બીજા રાષ્ટ્રના લોકો વિચારશે ? સત્તાપ્રાપ્તિ જ અંતિમ ધ્યેય કદી હોઈ શકે નહીં, સત્તા બાદ સુશાસન લાવવું એ શાસકધર્મનો આદર્શ છે પણ લોકોની અંદર જે દોડી રહ્યું છે તેનું રિનોવેશન કઈ રીતે થશે? એ ચિંતન કરવાની ખાસ જરૂરત છે. આપણી માનસિકતામાં લુણો જે લાગ્યો છે તેને કાઢવો પડશે. દેશને મેં શું આપ્યું ? અહીં માત્ર ટૅક્સ ચૂકવણીની વાત નથી, પ્રેમ કે હૂંફ આપી છે કદી ?

આપણા દેશની ઓળખ બદલાઈ રહી છે. કાર્યો ઉમદા થઈ રહ્યાં છે. માણસનાં દિલદીવડા ઝાંખા થઈ ગયા છે. ઝમીર મરી જાશે તો જાગીને પણ શું પામી શકીશું ? હૃદયમાં જે પ્રકાશ ઈશ્વરે મૂક્યો છે ત્યાં અંધારું થવા ના દઈએ તો જીવન લેખે લાગશે ખરું.

માત્ર રસ્તાઓ લાંબા, પહોળા, ઊંચા થાય
તેની સાથે હૃદય પણ ભીનાં રહે તો સારૂં !
લિવફોરમાં રહેવું જાણે કે પસંદ નથી,
તો લિવ ઈનમાં બધાને મોજ દેખાય છે !
દુનિયાનો દસ્તૂર હવે કંઈક થયો છે જુદો,
ત્યાગવાની વાત હવે જાણે સજા લાગે છે !
સંવેદનાઓ મરી રહી પણ શૃંગાર બહુ કર્યો,
વેદનાના વાવેતર રોકવા કોઈ તત્પર નથી !
સુખોની શોધમાં અહીં મરે છે રોજ સૌ,
દુઃખ જીવનનાં એમાંથી જ મળ્યા કરે છે !
પૈસાને બનાવ્યો ઈશ્વરથી પણ વિશાળ,
હવે માનવી થઈ ગયો દાનવ જે જીવી રહ્યો છે.
હે માલિક ! તું તો દયાનો છે મહાસાગાર,
મારા દેશમાં સ્નેહવર્ષા કરી બચાવી લે !!

**શેર આસ્વાદ**

આપવાની મઝા શું છે એ જાણવા, વૃક્ષ કે પછી વાદળ ને મળી આવીએ.


## તાલુકા વૉલીબૉલ સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય વિજયી બની

ગાંધીનગર, તા. ૧૯

શ્રી સ્વામીનારાયણ ધામ, ધોળેશ્વર ખાતે ગાંધીનગર તાલુકા કક્ષાની વૉલીબૉલ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આચાર્ય રમીલાબેન ચૌધરી અને શાળા પરિવારે ખેલાડીઓ તથા માર્ગદર્શક શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા અને હેતલબેન દેસાઈને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# આઈઍનઆઈઍફડીના વિદ્યાર્થીઓ દ્વારા મૉડર્ન ફર્નિચર ડિઝાઈન





આઈઍનઆઈઍફડી, ગાંધીનગરના ઈન્ટીરિયર ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા ઈજિપ્શિયન કન્સેપ્ટને ધ્યાનમાં લઈ મૉડર્ન ફર્નીચર ડિઝાઈન કરવામાં આવ્યું છે.

પ્લાયવૂડ, પેઈન્ટ્સનો ઉપયોગ કરીને આ ફર્નિચરને વિદ્યાર્થીઓ દ્વારા ન માત્ર નવો, પરંતુ ઉપયોગી લૂક આપવામાં આવ્યો છે. સંસ્થાના ડિરેક્ટર વિશાલ મકવાણાએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલાં આ ફર્નીચર ઑફિસ તેમજ ઘર માટે પણ ઉપયોગી છે, જેનું ઈનહાઉસ ઍક્ઝીબિશન પણ યોજવામાં આવ્યું છે.

## ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે વાલીમીટિંગ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તાજેતરમાં વાલીમીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વર્ગશિક્ષકે ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના વાલીઓ સાથે શૈક્ષણિક કાર્ય સંબંધી વિચારવિમર્શ કર્યો હતો અને વાલીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તારો પાઠવ્યા હતા.

## હવે નહીં થાય કેન્સરથી મોત છત્તીસગઢની દીકરીઓએ શોધી દવા

ગાંધીનગર, તા. ૧૯

કેન્સર એક એવી બીમારી છે કે જેનું નામ સાંભળતા જ મોટા-મોટા લોકોની આત્મા ધ્રૂજવા લાગે છે. દુનિયાભરમાં દર વર્ષે લાખો લોકોનાં મોત કેન્સરને કારણે જ થતાં હોય છે. માત્ર ભારતમાં જ કેન્સરને કારણ અંદાજે ૧૦ લાખ લોકોનાં મોત થાય છે. આનું કારણ એ છે કે કેન્સર વિશે લોકોની પાસે સાચી જાણકારીઓ ન હોવી અથવા તો આનો સમય પર જો ઈલાજ ના કરવામાં આવે. પરંતુ હવે તમારે ગભરાવવાની જરૂર નથી કેમ કે આની સારવાર હવે શક્ય બની છે. છત્તીસગઢનાં એક સંશોધનકર્તાએ આ ખતરનાક બીમારીનો ઈલાજ શોધી કાઢ્યો છે.

રાયપુરની રહેનારી મમતા ત્રિપાઠીએ કેન્સરની દવાઓ શોધવામાં સફળતા હાંસલ કરી લીધી છે. એમનો એવો દાવો છે કે આ દવાથી કેન્સર સેલ્સને ૭૦થી ૮૦ ટકા સુધી ખતમ કરી શકાશે. તેઓએ વધુમાં એમ પણ જણાવ્યું કે, આ દવાને પહેલા લેબમાં ટેસ્ટ કરવામાં આવેલ છે કે જેમાં અમે સફળ રહ્યાં છીએ. હવે આ દવાને ઉંદરો પર ટેસ્ટ કરવામાં આવશે અને જો આમાં સફળતા મળશે તો બાદમાં આનો પ્રયોગ માનવી પર કરવામાં આવશે. તેઓએ કહ્યું કે, અમારે આ દવાની શોધ કરવામાં ૪થી ૫ વર્ષ લાગી ગયાં છે.





રૂપાલ પ્રાથમિક કન્યા શાળાના વિદ્યાર્થીઓને ઉગરીબા અને સ્વ. રેવાબાના સ્મરણાર્થે હિરુભાઈ શકરચંદ શાહ તરફથી નોટ, ચોપડા અને રૂપિયા ૨૧ હજારનું દાન મળ્યું છે. શાળાના ઍસઍમસીના સભ્યો તથા શાળા પરિવારે આભાર તથા અભિનંદનની લાગણી વ્યક્ત કરી છે.